ગેડ ગામે વોટર વર્કસ ટાંકી પડવાની તૈયારીમાં હાલક ડોલક અવસ્થામાં

ઈસરી, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં અંતરિયાળ ગામડાઓની જનતાને પાણી પીવાનુ ઉપલબ્ધ કરવા સરકાર દ્વારા વોટરવર્કસની ટાંકીઓ અને હેડપંપ બનાવવામાં આવ્યા છે. પાણીનો સંગ્રહ કરવા માટે બનાવેલી વોટરવર્કસ પાણીની ટાંકીઓ યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર બની ગઈ છે. સ્વચ્છતા અભિયાનની વાતો કરતી સરકાર ગામડાઓમાં પીવાના પાણી માટે બનાવવામાં આવેલી વોટરવર્કસની ટાંકીઓ પણ સ્વચ્છ કરવા માટે આંખ આડા કાન કરી રહી છે.

મેઘરજ તાલુકાના ગેડ ગામમાં વોટરવર્કસની પાણીની ટાંકી ગામના મધ્ય ભાગમાં આવેલી છે. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે અને હલકી

કક્ષાના માલસામાનનો ઉપયોગ કરી બનાવેલી વોટરવર્કસની ટાંકીની હાલત ભયજનક અવસ્થામાં હોવાથી અને વોટરવર્કસ ટાંકીનો એક થાંભલા પરથી તો સીમેન્ટના પડ પણ ઉખડી જવાની સાથે લોખંડના સળીયા પણ કાટ ખાઈ ગઈ પડી જવાની ભીતી પેદા થઈ છે. જો પાણી પુરવઠા વિભાગ તંત્ર દ્વારા આ વોટરવર્કસ પાણીની ટાંકીની સમયસર મરામત નહિ કરવામાં આવે તો જાનહાનિ થવાનો ભય ગામલોકોને સતાવી રહ્યો છે. ઉપરાંત હાલ સ્વચ્છતા અભિયાનના નામે બહુ મોટી વાતો કરવામાં આવે છે ત્યારે ગેડ ગામમાં આવેલી પાણીની ટાંકી છેલ્લા ત્રણ વર્ષથી વધારે સમય થવા આવ્યો હોવા છતાં સફાઈ કરવામાં આવી નથી. અને આવી ગંધી વોટરવર્કસ પાણીમાંથી ગામના રહીશોને પીવાનુ પાણી પુરૂ પાડવામાં આવવાના કારણે ગંભીર બિમારીઓ પણ ફેલાવવાનો ભય રહ્યો છે. ટાંકીમાં પડેલી તીરાડોના કારણે પાણી બહાર આવી ગામમાં ગંદકી ફેલાતી હોવાથી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે આ વોટરવર્કસ પાણીની ટાંકીની મરામત કરાવવામાં આવે તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જવાહર નવોદય વિદ્યાલયની તાલુકા કક્ષાની પરીક્ષા શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં સમગ્ર તાલુકામાંથી ૫૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પરીક્ષાનું સંચાલન તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

કર્મચારીઓની અછતના કારણે મહેસાણા એસ.ટી. ડેપોમાં વહીવટી મુશ્કેલી

મહેસાણા, તા.૮

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા ઘણા વખતથી ડ્રાઈવર, કડંકટર અને કલેરીકલ સ્ટાફ તેમજ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓને કારણે એસ.ટી. બસોના સંચાલનમાંતેમજ વહીવટી કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થઈ છે.

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા કેટલાક વખતથી ડ્રાઈવર, કડંકટર તેમજ કલેરીકલ વર્ગના ઘણા કર્મચારીઓ નિવૃત્ત થયા છે. થોડા સમય પૂર્વે એસ.ટી. નિગમે વિવિધ સંવર્ગના કર્મચારીઓ તેમજ ડેપો મેનેજર કક્ષાના અધિકારીઓની ભરતી કરી હતી પરંતુ કામદારોની ઘટની સરખામણીએ, ડ્રાઈવર, કડંકટર કક્ષાના કર્મચારીઓની ખાલી પડેલ જગ્યાઓ સામે તેટલી સંખ્યામાં નવી ભરતી કરવામાં ન આવતા હાલમાં મહેસાણા એસ.ટી. વિભાગમાં અંદાજે ૧૮૮ જેટલા કડંકટરો અને ૧૨૦ જેટલા ડ્રાઈવરોની ઘટ પડી છે. આ સાથે વહીવટી સ્ટાફમાં કર્મચારીઓની મોટી અછત ઉભી થઈ છે. મહેસાણા એસ.ટી. વિભાગમાં ૧૦૦ જેટલા કારકુન તથા અલગ અલગ કક્ષાની જગ્યાઓ ખાલી પડી છે. મિકેનિકલ સાઈડની લગભગ ૧૫૦ જેટલી જગ્યાઓ ખાલી છે.

એસ.ટી. તંત્રમાં કરોડરજ્જુ સમાન ડ્રાઈવર અને કડંકટરની ઘટના કારણે તંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને બેવડી નોકરી કરવી પડે છે. આવા કર્મચારીઓને સામાજીક કે બિમારીના કારણસર રજા મળવી પણ મુશ્કેલ બને છે. પરિણામે તેઓની હાલત ભારે કફોડી બની છે. જરુરીયાત મુજબના કામદારોના અભાવે મહેસાણા એસ.ટી. વિભાગના જુદા જુદા ડેપો મથકોએથી ઉપડતી શિડયુલ બસોની ટ્રીપો ઘણી વાર રદ થતી હોય છે. આવી સ્થિતિના લીધે તહેવારોમાં બસોમાં ટ્રાફીકનું પ્રમાણ વધી જતાં મુસાફરોને હાલાકી પણ ભોગવવી પડે છે. હાલના લગ્નગાળાના સમયમાં મુસાફરોની ભીડને જોતાં એસ.ટી.તંત્રની આવકમાં વધારો થઈ શકે તેમ છે પરંતુ કામદારોની શોર્ટેજના કારણે તંત્રની આવકમાં ફટકો પડી રહ્યો છે.

મોડાસાની બીબીએ કોલેજની એનએસએસ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અને અરવલ્લી સાબરકાંઠા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓમાં મોખરાનુ સ્થાન ધરાવતી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસા દ્વારા સંચાલિત બી.એચ. ગાંધી બી.બી.એ. કોલેજની એનએસએસ શિબિર અંતર્ગત વાર્ષિક શિબિરનુંમોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં કરવામાં આવ્યું હતું.

મોડાસાના ટીંટોઈમાં બી.એચ. ગાંધી બી.બી.એ. કોલેજનીવાર્ષિક એનએસએસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્‌ઘાટન મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ એન. શાહના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે કાંતિભાઈ એચ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ટીંટોઈ ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલીનુંઆયોજન, યોગ શિબિર, જનધન યોજના અંતર્ગત બેંકમાં ખાતા ખોલાવવા, બૌદ્ધિક પ્રવચન અને સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સુધીર જોષી (પ્રીન્સીપાલ કોમર્સ કોલેજ), પી.ટી.સી. કોલેજના આચાર્યા ડૉ. સંતોષ દેવકરે આ શિબિરમાં માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જ્યારે શિબિરના સમાપન સમારોહમાં ડૉ. નવિનભાઈ શેઠ, લૉ કોલેજના આચાર્ય રાજેશભાઈ વ્યાસ અને સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષીએ વિદ્યાર્થીઓ સાથે શિબિરમાં થયેલા અનુભવોની આપલે કરી હતી.

અરવલ્લી જિલ્લામાં ખાણ ખનીજ ખાતુ ભર નીંદરમાં સફેદ પથ્થરોની ચોરીનો સીલસીલો જારી

ઈસરી, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ગેરકાયદેસર રેતી, નદીના પથ્થરો અને ખાણ પાડીને સફેદ પથ્થરોની ચોરીઓ થાય છે, છતાં ખાણ ખનીજ ખાતુ અંધારામાં હોવાનું જણાય છે. જે તે વિસ્તારની મુલાકાત લેવાય તો પરિસ્થિતિ જાણી શકાય પરંતુ જ્યાં ખાણ ખનીજ ખાતાની જે જવાબદારી છે ત્યાં વન ખાતાના અધિકારીઓએ સફેદ પથ્થરો લઈ જતા એક ટ્રક અને બે ટ્રેક્ટરોને પકડી પાડેલ છે. ખાણ ખનીજ ખાતાના કર્મચારીઓની આળસ ગણો કે પથ્થરો લઈ જનાર પ્રત્યે અમી દૃષ્ટિ ગણો તે છતી થાય છે. જેથી ઉચ્ચકક્ષાએ તપાસ થવી જોઈએ.

મેઘરજ તાલુકાના રામગળ વિસ્તારમાં જમીનમાંથી સફેદ પથ્થરો મળતા હોવાથી અને સરહદે સફેદ પથ્થરોની ફેક્ટરીઓ ખુલી ગઈ છે. પરવાના વગર સફેદ પથ્થરો વેચવામાં આવે છે. અગાઉ પંચાલ, બોરખાડ, ધાંધીપા અને ગાય-વાછરડા વિસ્તારમાંથી પથ્થરો કાઢવામાં આવતા હતા. ૩૦ જાન્યુઆરીના રોજ અરવલ્લી જિલ્લાના એસીએફ એન.પી. મેવાડાના માર્ગદર્શન હેઠળ મેઘરજના આર.એફ.ઓ. આર.ટી. ડામોર તથઆ ફોરેસ્ટ આર.એસ. ડામોર ગાર્ડ અને સ્ટાફ સાથે ભૂંજરી-મુડશીમાં તપાસ કરતા એક ટ્રક નં. જીજે-૪-એક્સ-૬૪૮૮ પકડી હતી. જેમાં ૧૦ ટન સફેદ પથ્થરો ભરેલા હતા. જેમાં પથ્થરોની કિંમત દસ હજાર અને ટ્રકની કિંમત ૫ લાખ તેમજ બે ટ્રેક્ટર નં. જીજે-૯-એચ૬૯૦૧ તથા જીજે-૯-એડી-૪૨૯ જેમાં પાંચ પાંચ ટન પથ્થરો કબજે લઈ ૬ લાખ ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

વાહનો સાથએ સંજય કાળઉ ચૌહાણ સેરાસી રહે. તા. આંકલાવ આણંદ, બાબુ લક્ષ્મણ ડામોર રહે મુડશી, ચતુર કોદર ડામોર રહે. ભુંજરી, ધીરા માના ડામોર રહે. કાનેરા, તા. મેઘરજ, જસવંત લક્ષ્મણ ખાંટ રહે. વણજારીયા તા. માલપુર અને નાથા ગમા ડામોર રહે. પીસાલ, તા. મેઘરજ વાહનો સાથે પકડાયેલ છે. જેની સામેની તપાસ ચાલુ છે.

ઊંઝામાં લગ્નની લાલચ આપી અંગત સંબંધની વીડીયો કલીપ ફરતી કરી

ઊંઝા તાલુકાની એક યુવતી સાથે ગામમાં જ એક યુવાને દબાણથી મારઝુડ કરી યુવતી સાથે મૈત્રી કરાર કરી તેણીની મરજી વિરૂધ્ધ દેહસંબંધ બાંધ્યા બાદ મોબાઈલમાં બિભત્સ કલીપીંગ ઉતારી વોટસએપના માધ્યમથી પ્રસારીત કરી યુવતીના પરિવારજનોને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ચોંકાવનારી ફરિયાદ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે. ઊંઝા પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ ઊંઝા તાલુકાના કહોડા ગામે રહેતા નિકુંજ શાંતિલાલ પટેલ નામનો યુવાન ગામમાં જ રહેતી એક યુવતી સાથે પરિચયમાં આવતા પ્રેમસંબંધ બંધાયો હતો. બાદ યુવતી સાથે લગ્ન કરવા માટે દબાણ લાવી મારઝુડ કરી મૈત્રી કરાર કર્યો હતો અને યુવતીની મરજી વિરૂધ્ધ અને એક વર્ષ સુધી દેહસંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન યુવતીની જાણ બહાર બિભત્સ વીડીયો કલીપીંગ ઉતારી ઈલેકટ્રોનિકસ મીડીયામાં વોટસએપના માધ્યમથી પ્રસારીત કરી હતી.

આટલું જ નહી યુવાને અને તેના પિતાએ યુવતીના પરિવારજનોને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. યુવતીની આ ફરિયાદના આધારે ઊંઝા પોલીસે નિકુંજ શાંતિલાલ પટેલ અને તેના પિતા બંને રહે. કહોડા તા. ઊંઝા વિરૂધ્ધ બળાત્કાર, અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપવા બાબત તેમજ આઈ.ટી. એકટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર પંથકમાં આ કિસ્સો ખૂબ ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

માલપુર તાલુકાનો વિકાસ મંથર ગતિએ : કોલેજની માંગણી અધ્ધરતાલ

મોડાસા, તા. ૮

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મોટી મોટી જાહેરાતો કરી શિક્ષણક્ષેત્રે સર્વેશ્રેષ્ઠ હોવાની રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ માલપુર તાલુકાના પ્રજાજનોની વર્ષો જુની માંગણી પૈકી માલપુરમાં કોલેજ સ્થાપવાની રજુઆત સરકારમાં વારંવાર કરવા છતાં માલપુર તાલુકાને શૈક્ષણિક બાબતે અન્યાય થઈ રહ્યો હોવાનો તાલુકાના પ્રજાજનો અનુભવી રહ્યા છે.

માલપુર તાલુકા મથક ધીરેધીરે વિકાસ પામી રહ્યું છે, પરંતુ આ તાલુકાની કેટલીક વર્ષો જુની માંગણીઓ જ ન સંતોષાતા તાલુકાના વિકાસની ગતિ જાણે સાવ મંથર ગતિએ ચાલી રહી છે. તાલુકાના પ્રજાજનો અને રાજકીય આગેવાનોએ માલપુર તાલુકાના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે તાલુકા મથકે કોલેજની ફાળવણી વારંવાર કરવા સાથે થોડાક વર્ષ પહેલા બાયડ ખાતેની એક સભામાં તે સમયના શિક્ષણ પ્રધાને માલપુરને કોલેજ ફાળવવા જાહેરાત કરેલ હતી જેથી માલપુર તાલુકાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. હોંશે હોંશે શિક્ષણપ્રધાને કરેલ જાહેરાતનુ આજદિન સુધી આ બાબતે કોઈ જ કાર્યવાહી હાથ ન ધરાતા પ્રજામાં રોષની લાગણી પ્રવર્તે છે. શિણની નવી દિશાઓ જોતાં તાલુકાના બાળકોને દૂર દૂર સુધી અભ્યાસ કરવા જવું પડે છે. તાલુકા મથકે આવેલ ૯ થી ૧૨ અને પ્રાથમિક વિભાગની શાળાઓ આવેલી છે. માલપુરમાં કોલેજ કાર્યરત કરવા આજ દિન સુધી વારંવાર રજુઆતો કરવામાં આવી રહી છે, પરંતુ પ્રજાજનોની માંણી અધ્ધરતાલ રાખી માલપુરની જનતા જોડે અન્યાય કરવામાં આવી રહ્યો હોય તેવી લાગણી અનુભવી રહી છે. તેમજ માલપુરના ધારાસભ્ય સમક્ષ પણ આ અંગે રજુઆત કરવામાં આવી છે.

માલપુરના અગ્રણી આગેવાનના જણાવ્યા અનુસાર ગુજરાતનો વિકાસ વણથંભ્યો થઈ રહ્યો છે ત્યારે માલપુર તાલુકાનો વિકાસ પણ ઝડપી થાય અને માલપુરમાં કોલેજ ફળવાય અને માલપુર તાલુકાના વિદ્યાર્થીઓને કોલેજનો અભ્યાસ કરવા બીજા શહેરોમાં ન જવું પડે તેવી માંગ લોકો કરી રહ્યા છે.

બનાસકાંઠામાં પર્યાવરણને બચાવવા કલેક્ટરનો આદેશ

ડીસા, તા. ૮

બનાસકાંઠા જીલ્લા કલેકટર દિલીપકુમાર રાણાએ તાજેતર માં પર્યાવરણ બચાવવા હાથ ધરેલા -યત્નો માં તેમને જાતેજ ખનીજ ચોરી કરતી ટ્રક અને લીલા વ્રુક્ષો કટિંગ કરી લઈ જતા વાહનો ઝડપી કડક કાર્યવાહી કરી હતી, જેમાં તેમને એક કદમ આગળ વધી આ ગેરકાયદેસરની -વૃત્તિ અટકાવવા કડકાઈ એ જીલ્લા કલેકટર દિલીપ કુમાર રાણા એ જીલ્લા ના તમામ નાયબ કલેકટર તેમજ મામલતદારો ને સીધો આદેશ કરેલ છે,જેનાથી ખનીજ ચોરી કરતા અને લીલાવ્રુક્ષો નું કટિંગ કરી વેચાણ કરતા તત્વો માં ફફડાટ ફેલાયો છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠા માં આડેધડ વ્રુક્ષો ના કટિંગ અને ખનીજ ચોરી ની ફરિયાદો મળતા જીલ્લા કલેકટર દિલીપકુમાર રાણાએ અધિકારીગણ ને તપાસ ના આદેશો આપવા ની જગ્યા એ થોડા સમય પહેલા જાતેજ તપાસ હાથ ધરી ખનીજ ચોરી કરતી ટ્રક તેમજ લીલા વૃક્ષી કટિંગ કરી શોમીલો માં લઈ જતા વાહનો ઝડપ્યા હતા ,જે બાદ આ

ગેરકાયદેસરની -વૃત્તિ કાયદાની કડકાઈ એ અટકાવવા તેમને જિલા કક્ષાએ નાયબ કલેકટરો ,મામલતદારો ,નાયબ મામલતદારો ની બેઠક યોજી હતી, અને સ્પષ્ટ આદેશ જણાવેલ કે તમારા વિસ્તારમાં અધિકૃત રીતે ચાલતા અને ખનીજ રેતી નું વહન કરતા વાહનો સામે કડકાઈ એ કાયદા મુજબ કાર્યવાહી કરવી ,વધુ માં તેમને તાલુકા માં ચાલતી તમામ શોમીલો માં લાકડા ક્યા થી આવે છે,વેચનાર કોણ ? કેટલી માત્રામાં લકડા વેચ્યા છે ?તેમજ આ શોમીલો માં લાકડા ના જથ્થા નું આવક અને જાવક નું રજીસ્ટર તેમજ રોજે રોજ નો સ્ટોક ઉધારવા નાં આદેશ કરતા સમગ્ર વહીવટી તંત્રે આ આદેશ ની અમલ બજવણી શરુ કરી છે જેમાં આજ રોજ ડીસા મામલતદાર કચેરી ખાતે તાકીદ ની એક બેઠક ડીસા શોમીલો એશોસીએશન ના સભ્યો સાથે ડીસા મામલતદારે યોજી હતી, અને જીલ્લા કલેકટર ની સુચના મુજબ લાકડા ના સ્ટોક નું આવક અને જાવક તેમજ ઉદ્યડતા સ્ટોક નું રજીસ્ટર નિભાવવા આદેશ કરાયો હતો,તો વળી,જો ઉદ્યડતા સ્ટોક મુજબ લાકડા નાં જથ્થા માં ગોલમાલ કરાશે તો જે-તે દોષિત શોમિલ માલિક સામે કાયદા મુજબ કામ ચલાવાસે, જેનાથી આડેધડ લીલાવ્રુક્ષો નું કટિંગ કરાવી શોમીલો માં લાકડા ઠાલવતા ,અને વેચાણ કરતા તત્વો પર કાયદા ની લગામ કસાઈ છે,

આ બાબતે ડીસા નાં નાયબ કલેકટર ડો, દિગંત બ્રમભટ્ટ દ્વારા માહિતી આપી જણાવાયું હતું કે જીલ્લા કલેકટર દિલીપકુમાર નાં સીધા આદેશે ડીસા તાલુકા સહીત અન્ય તાલુકા માં પણ શોલીમો અને અનઅધિકૃત રીતે ખનીજ ચોરી કરતા વાહનો સામે કડકાઈ એ કાયદા મુજબ કામ કરાશે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામે ટ્રકની ટકકરથી બાઈકચાલક ઈજાગ્રસ્ત

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક બેદરકારીથી હંકારી બાઈકને ટકકર મારી એક ઈસમને ઈજા પહોંચાડી નાસી જવાના બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે રવિવારે રાદ્દે ૮ વાગ્યાના સુમારે ટ્રક નંબર આરજે-૨૪-૭૪૨૮નાચાલકે પોતાના કબજાની ટ્રક બેદરકારીથી પુર ઝડપે હંકારી સામેથી આવતી મોટર સાયકલ નંબર જીજે-૦૭-એએસ-૭૭૩૮નેટકકર મારતાંમોટર સાયકલ સવાર જનકભાઈને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સલાલમાં માઈક્રો ઈન્શ્યુરન્સના ક્લેઈમ ચુકવાયા

આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની સુક્ષ્મ વીમા યોજના અંતર્ગત પ્રાંતિજ તાલુકા વજાપુર ગામે સુરેશજી સોમાજી વાઘેલાને રૂ. ૪૮,૫૦૦ તથા કાળીબેન ડાહ્યાજીને રૂ. ૧૯૨૫૦ ના ચેક અર્પણ કરાયા હતા. આર્થિક પછાત સર્વાંગી વિકાસ મંડળના મંત્રી કાળુસિંહ રાઠોડના હસ્તે બંને લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુક્ષ્મ વીમા યોજના અંતર્ગત 'પ્રિમીયમ ઓછુ અને જોખમ ઝાઝુ'ની આ યોજનાને સર્વત્ર આવકાર મળી રહ્યો છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

પ્રાથમિક શાળાની એસ.એમ.સી. કમીટીમાં શિક્ષિતોને સ્થાન નથી

સાબરકાંઠા કે અરવલ્લી જિલ્લામાં ૨૫૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે. દરેક શાળામાં એસ.એમ.સી. કમીટી દર વર્ષેનિમવામાં આવે છે. જેમાં ૬ મહિલાઓને ચાલુ વર્ષથી સ્થાન આપવામાંઆવશે. શાળામાં સારા વાલીઓના બાળકોને અન્ય શાળામાં ભણાવાય છે. જ્યારે ગરીબ અને નબળા વિદ્યાર્થીઓને સ્થાનિક શાળામાંભણવા મુકવામાંઆવેછેત્યારે નબળા બાળકોના વાલીઓને તો કોઈ ગણતુ જ નથી. ચાલુ વર્ષથી એસ.એમ.સી. કમીટીનું પુનઃ ગઠન થવાનુ હોવાથી પ્રત્યેક શાળામાં આચાર્ય પોતાના હસ્તકની ગ્રાન્ટનો કેવી રીતે ઉપયોગ કરે છે તેના હિસાબો અગાઉથી જાણવા માંગતા વાલીઓને સમિતિમાં રાખવામાંઆવતા નથી. વિદ્યાર્થીના વાલી હોય તે ગામના નિવૃત્ત કર્મચારી શિક્ષિત વ્યક્તિને બાકાત રખાતા હવે તો તાલુકા પ્રા. શિક્ષણાધિકારીને જાણ કરવાની ફરજ પડશે તેવુ વાલીઓને લાગી રહ્યું છે. અગાઉ ૨૦૧૩માં કમીટીની રચના થઈ હતી પણ હવે ૨૦૧૫માંપુનઃ ગઠન વ્યવસ્થિત રીતે થાય તે જરૂરી છે. શાળાનું સંચાલન યોગ્ય રીતે થાય તથા મધ્યાહન ભોજન સ્વચ્છ વાસણોમાં પીરસાય તેમજ મેનુ પ્રમાણે બાળકોને રસોઈ સમયસર મળે તે માટે આ સમિતિ દેખરેખ રાખશે તેવુ આયોજન થનાર છે. આ અંગે વાલીઓમાં અસંતોષ હશે તો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ કરી સમિતિમાંફેરફાર કરાવવામાંઆવશે તેવુ વાલીઓ નક્કી કરી રહ્યા છે.